## શ્રાવણ વદ ૧૩, સોમવાર તા. ૨૭-૮-૧૯૬૨
## કાવ્ય ૧ થી ૫, પ્રવચન-૧

આ એક વિષાપહાર સ્તોત્ર છે. ભગવાન પરમાત્માની સ્તુતિ, પ્રશંસા અને બહુમાન કરવાનું જે સ્વરૂપ એને અહીંયાં સ્તુતિ કહેવામાં આવે છે. ખરેખર આત્મભગવાનની સ્તુતિ છે આમાં તો ખરેખર. ભગવાન આત્મા અમૃતસ્વરૂપ છે. એની પર્યાયમાં—પ્રજામાં રાગ-દ્વેષની એકતા એવું ઝેર, એની પર્યાયમાં ઝેર છે અનાદિનું. એને નાશ કરવાનું ચૈતન્યમૂર્તિ અમૃતસ્વરૂપ એની અંદરમાં એકાગ્રતાની ભક્તિ એ ઝેરને નાશ કરવાનો ઉપાય છે. શેઠી!

આમ તો એ ધનંજય મહાકવિ થઈ ગયા છે. લગભગ આઠમા સૈકામાં. આજથી ૧૨૦૦ વર્ષ લગભગ પહેલા. માળવામાં ઉજ્જૈન નગરીમાં. લ્યો ઉજ્જૈન છે કે નહિ? અહીં ઉજ્જૈનનું કોણ છે? ઉજ્જૈન નગરીમાં એ મહા (કવિ) ધનંજય એક શેઠ હતા. ગૃહસ્થ હતા. માનતુંગ આચાર્યના વખતમાં એમના એ ભક્ત હતા. સમજાણું? એ માનતુંગ આચાર્યની ભક્તિ કરતા હતા. એમાંથી પોતાને પણ મહાકવિપણું અને ભગવાનના ભક્તરાજ એવી સ્થિતિ એમને ઉત્પન્ન થઈ.

એક વખત ઘરે એના પુત્રને સર્પડંસ થયો. એ સર્પડંસથી છોકરો બેભાન થઈ ગયો. બૈરાને

ખબર પડી. શેઠને બોલાવ્યા. જાવ ભાઈ ભગવાનની સ્તુતિમાં બેઠા છે તો બોલાવો આ દીકરો મરી ગયો મરી શું ગયો પણ ઝેર ચડ્યું છે આ સર્પનું. પોતે તો અંદર વિચારની ધારામાં, ભગવાનની ભક્તિ અને આત્માની ભક્તિમાં એટલા મશગુલ હતા કે એણે એ પણ સાંભળ્યું નહિ. છેવટે છોકરાને એની મા ત્યાં નાખી ગઈ મડદાને. મડદું એટલે સર્પ કરડેલો, બેભાન પુત્રને નાખી ગયા. એને ખબર નથી કે અહીં છે છોકરો. પોતે તો અંતર વિચારધારામાં ચડ્યા અને અંદરમાં આ કવિપણાની શક્તિ હતી એટલે આ એક સ્તોત્ર બનાવ્યું છે. એ સ્તોત્ર બન્યું માટે, અહીં બનાવું માટે આ ઝેર ઉતરશે એવી પણ ત્યાં ઈચ્છા નહોતી. પણ એવો જ કોઈ મેળ થઈ ગયો કે ભક્તિમાં ધૂનમાં ચડતાં આ રચના ૪૦ શ્લોકની થઈ. એમાં પણ જ્યાં એ ૧૪મો આદિ શ્લોક જ્યાં શરૂ થયો ત્યાં ઓલાનું ઝેર ઉતરી ગયું. છોકરાનું ઝેર ઉતરી ગયું. સર્પનું ઝેર. સમજાણું કાંઈ? એ વખતે પછી એનું નામ આ સ્તોત્રનું વિષાપહાર નામ આપવામાં આવ્યું છે.

કહે છે ભગવાનની સ્તુતિ કરતા. આ ખરેખર ૠષભદેવ ભગવાનની સ્તુતિ છે. આદ્યબ્રહ્મા, પહેલા તીર્થંકર એની આ સ્તુતિ છે બાહ્યમાં અને અંતરમાં આદ્ય બ્રહ્મા પરમાત્મા પોતે. એની આદ્ય—શરૂઆત સાધકપણે પ્રગટ કરે છે એ રીતે આત્માની સ્તુતિનું વર્ણન કર્યું છે.

---

## કાવ્ય-૧

(ઉપજાતિ છંદ)

स्वात्मस्थितः सर्वगतः समस्त-
व्यापारवेदी विनिवृत्तसङ्गः।
प्रवृद्धकालोऽप्यजरो वरेण्यः,
पायादपायात्पुरुषः पुराणः।।

(વીર છંદ)

**અપને મેં હી સ્થિર રહતા હૈ ઔર સર્વગત કહલાતા,**
**સર્વ સંગ ત્યાગી હોકર ભી સબ વ્યાપારોં કા જ્ઞાતા.**
**કાલ-માન સે વૃદ્ધ બહુત હૈ, ફિર ભી અજર-અમર સ્વયમેવ,**
**વિપદાઓં સે સદા બચાવે, વહ પુરાણ પુરુષોત્તમ દેવ!**

**અન્વયાર્થ :—** (स्वात्मस्थितः अपि सर्वगतः) આત્મસ્વરૂપ મેં સ્થિત હોકર ભી સર્વવ્યાપક; (समस्तव्यापारवेदि अपि) સબ વ્યાપારોં કે જાનકર હોકર ભી (विनिवृत्तसङ्ग) પરિગ્રહ સે રહિત; (प्रवृद्धकालः अपि अजरः) દીર્ઘ આયુવાલે હોકર ભી બુઢાપે સે રહિત તથા (वरेण्य) શ્રેષ્ઠ (पुराणः पुरुषः) પ્રાચીન પુરુષ ભગવાન્

વૃષભનાથ! (નઃ) હમ સબ કો (अपायात) વિનાશ સે (पायात्) બચાવેં — રક્ષિત કરેં.

ભાવાર્થ :— ઈસ શ્લોક મેં વિરોધાભાસ અલંકાર હૈ. ઈસ અલંકાર મેં સુનતે સમય વિરોધ માલૂમ હોતા હૈ, પર બાદ મેં અર્થ કા વિચાર કરને સે ઉસકા પરિહાર હો જાતા હૈ. દેખિયે-જો અપને સ્વરૂપ મેં સ્થિત હોગા, વહ સર્વવ્યાપક કૈસે હોગા? યહ વિરોધ હૈ; પર ઉસકા પરિહાર યહ હૈ કિ પુરાણ પુરુષ, આત્મ-પ્રદેશોં કી અપેક્ષા અપને સ્વરૂપ મેં હી સ્થિત હૈં, તથાપિ ઉનકા જ્ઞાન સબ જગહ કે પદાર્થોં કો જાનતા હૈ; ઈસલિયે જ્ઞાન કી અપેક્ષા સર્વગત હૈ.

જો સંપૂર્ણ વ્યાપારોં કો જાનનેવાલા હૈ. વહ પરિગ્રહરહિત કૈસે હો સકતા હૈ? યહ વિરોધ હૈ; ઈસકા પરિહાર યહ હૈ કિ આપ સર્વ પદાર્થોં કે સ્વાભાવિક અથવા વૈભાવિક પરિવર્તનોં કો જાનતે હુએ ભી કર્મોં કે સંબંધ સે રહિત હૈં. ઈસી તરહ દીર્ઘાયુ સે સહિત હોકર ભી બુઢાપે સે રહિત હૈં, યહ વિરોધ હૈ; ઈસકા પરિહાર ઈસ તરહ હૈ કિ મહાપુરુષોં કે શરીર મેં વૃદ્ધાવસ્થા કા વિકાર નહીં હોતા અથવા શુદ્ધ આત્મસ્વરૂપ કી અપેક્ષા વે કભી ભી જીર્ણ નહીં હોતે. ઈસ તરહ ઈસ શ્લોક મેં વિઘ્ન બાધાઓં સે અપની રક્ષા કરને કે લિયે પુરાણ પુરુષ સે પ્રાર્થના કી ગયી હૈ. ૧.

## કાવ્ય-૧ ઉપર પ્રવચન

પહેલો શ્લોક. (કાવ્ય)

(ઉપજાતિ છંદ)

स्वात्मस्थितः सर्वगतः समस्त-
व्यापारवेदी विनिवृत्तसङ्गः।
प्रवृद्धकालोऽप्यजरो वरेण्यः,
पायादपायात्पुरुषः पुराणः।।

હે પુરાણપુરુષ! એમ કરીને ઉપાડ્યું છે. સર્વજ્ઞ પરમાત્મા ઋષભદેવને પણ આ કાળના આદ્ય બ્રહ્મા ધર્મના કર્તા. આમ પુરાણપુરુષ છે એ. આમ જોઈએ તો આત્મા પુરાણપુરુષ છે. ચૈતન્યમૂર્તિ અનાદિઅનંત પુરાણપુરુષ, અનાદિઅનંત ભગવાન આત્મા છે. એને લઈને ઉદ્દેશીને વાત કરી છે. 'पुरुषः पुराणः' એનો અર્થ જરી ટીકાકારે એવો પહેલો કર્યો કે પુરુષ પ્રમાણ

છે ને? પુરાણ પુરુષ શ્રીમદ્ આદિ બ્રહ્મા. પુરિષ ઈતિ અથો પુરુષઃ. આવે છે ને ભાઈ પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં? પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં. એમાં હશે સંસ્કૃત ટીકા છે ને? હા, એમાં છે. આમાં ઈ જ છે ને.

પોતાના ચૈતન્યપુર, આનંદપુરમાં જે શયન કરે એને પુરુષ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? વિકાર અને પુણ્ય-પાપમાં શયન કરીને સૂતા તેને નપુંસક કહેવામાં આવે છે. ભગવાન આત્મા અનંત જ્ઞાનાદિ ચૈતન્યપુર, એમાં જે શયન નામ એકાકાર થઈને રમે એને પુરાણ પુરુષ એવા આત્માને પુરાણ પુરુષ કહેવામાં આવે છે. ભગવાનને પણ પુરાણ પુરુષથી સંબોધીને ભગવાનની સ્તુતિ કરે છે.

"**स्वात्मस्थितः अपि सर्वगतः**' '**હે નાથ! આપ આત્મસ્વરૂપમેં સ્થિત હોકર ભી સર્વવ્યાપક...**' આમ જુઓ તો આત્માના સ્વરૂપમાં આમ સ્થિત છો. આમ જોઈએ તો વિરોધ (દેખાય છે). આ વિરોધ પરિહાર, આ ઝેરનો વિરોધ છે ને એનો પરિહાર કરવા, આ વિરોધ પરિહાર અલંકારે આ સ્તુતિ કરી છે. હે ભગવંત! '**આત્મસ્વરૂપમેં સ્થિત હોકર ભી સર્વવ્યાપક...**' નામ બધાને જાણવાની તાકાત (છે તેથી) આપ સર્વવ્યાપી છો. '**સબ વ્યાપારોંકે જાનકાર હોકર ભી...**' હે નાથ! બધા વેપારો જગતના દ્રવ્ય-ગુણ-પર્યાયના બધાના જાણકાર હોવા છતાં પણ '**પરિગ્રહ સે રહિત હો.**' કોઈ દ્રવ્ય-ગુણ-પર્યાય આપને પરની પક્કડમાં આવતી નથી. પક્કડ કર્યો નથી કોઈનો. જાણે બધાને, પક્કડ નહિ કોઈનો. સમજાય છે કાંઈ?

વળી '**દીર્ઘાયુવાલે હોકર ભી બુઢાપા સે રહિત...**' હે નાથ! આપનું આયુષ્ય પણ મોટું હતું. છતાં વૃદ્ધાવસ્થા આપને આવી નહોતી. તીર્થંકરને વૃદ્ધાવસ્થા ન હોય. જીર્ણ-શીર્ણ શરીર થાય એવું હોઈ ન શકે. એમ ભગવાન આત્મા અનાદિનો અનંત અનાદિ કાળનો હોવા છતાં એમાં એક પણ ગુણ ને પર્યાયોના જીર્ણ-શીર્ણ થયો નથી. બુઢાપો આત્માને લાગુ પડતો નથી. સમજાણું કાંઈ? અનાદિઅનંત નિત્યાનંદ પ્રભુ! જે ગમે તેટલો કાળ હો તો એમાં જીર્ણ લાગુ થાય કે જીર્ણતા થઈને આ શરીરમાં કાંચળી આદિ પડી જાય છે ને આ ચામડીમાં? એમ દ્રવ્ય સ્વભાવમાં ક્યાંય અપૂર્ણતા કે કાંઈ મોળપ કે કરમાતું હશે? એવો ને એવો ચિદ્ઘન ભગવાન (રહેલો છે). આ એની સ્તુતિ કરવા હું ઊભો થયો છું. એમ ધનંજય કવિ કહે છે. અને આમ ઋષભદેવ ભગવાન...

ઋષભદેવનો ખરો અર્થ એ તો ભગવાનના નામથી પામે છે. બાકી આત્માને ઋષ્યતિ ઈતિ, ગચ્છતિ ઈતિ પરમપદં ઈતિ ઋષભઃ. સમજાય છે આ કાંઈ? આ ભગવાન જ આત્મા પોતાના પરમપદને પ્રાપ્ત કરે માટે આ આત્માનું નામ જ ઋષભ છે. ભારે ભાઈ બિરૂદ એના! ચૈતન્ય... બાપા! પણ તારી વાત શું કરવી? પૂર્ણાનંદ પ્રભુ એક સમયમાં એની અંદર આખું રૂપ ધ્રુવ છે. એમાં વિભાવ અને સ્વભાવની અનેક પર્યાયો પ્રગટે છતાં એની પક્કડ અને

પરિગ્રહ ધ્રુવમાં છે નહિ. એવો ભગવાન આત્મા '**દીર્ઘાયુવાલે હોકર ભી બુઢાપા સે રહિત શ્રેષ્ઠ પ્રાચીન પુરુષ ભગવાન ઋષભનાથ...**' શ્રેષ્ઠ ચૈતન્યપ્રભુ ભગવાન પુરાણપુરુષ '**હમ સબકો...**' જુઓ! 'નઃ' શબ્દ પડ્યો છેને? '**હમ સબકો વિનાશ સે બચાવે.**' એ વિકારી પર્યાય સે બચાવે. ચૈતન્યપ્રભુને વિનંતી કરે કે અરે..! નાથ! જાગ અને પૂર્ણ તારું સ્વરૂપ એમાં કાંઈ પૂર્ણ-અપૂર્ણતા (નથી.) તારા ખજાનામાં કાંઈ ખોટ નથી. અમને હે આત્મા! આ વિકારનો નાશ કર અને વિકારથી અમને બચાવ. ભગવાનની સ્તુતિથી એમ કહેવામાં આવે છે કે હે પ્રભુ! અમને વિકારથી બચાવ.

'**ભાવાર્થ :- શ્લોક મેં વિરોધાભાસ અલંકાર હૈ. ઈસ અલંકાર મેં સુનતે સમય વિરોધ માલૂમ હોતા હૈ. પર બાદ મેં અર્થ કા વિચાર કરને સે ઉસકા પરિહાર હો જાતા હૈ. દેખિયે — જો અપને સ્વરૂપ મેં સ્થિત હોગા વહ સર્વવ્યાપક કૈસે હોગા?**' આ વિરોધ... વિરોધ... વિરોધ. '**વહ વિરોધ પર ઉસકા પરિહાર યહ હૈ કિ પુરાણપુરુષ આત્મપ્રદેશકી અપેક્ષાસે અપને સ્વરૂપમેં સ્થિત હૈ.**' ભગવાન પણ પોતાના સ્વરૂપમાં સ્થિત છે અને આ આત્મા પણ પોતાના અસંખ્ય પ્રદેશમાં અનાદિ સ્થિત છે. '**અપને સ્વરૂપમેં સ્થિત હૈ. પર ઉનકા જ્ઞાન સબ જગહ કે પદાર્થોંકો જાનતા હૈ;...**' ભગવાનનું જ્ઞાન બધાને જાણે છે. જુઓ! આ વિરોધ થઈ ગયો. સ્થિત અહીંયાં, જાણે બધાને. જાણે બધાને, સ્થિત અહીં. એમ પ્રભુ! તારો સ્વભાવ તો પૂર્ણ અસંખ્ય પ્રદેશમાં વ્યાપક છે. પણ છતાં એની તાકાત ત્રણ કાળ, ત્રણ લોકને એક સમયમાં વિકલ્પ વિના જાણવાની તાકાત છે. એવો ચૈતન્ય પ્રભુ અનાદિથી સર્વજ્ઞ પરમાત્મસ્વભાવ પોતાનો બિરાજી રહ્યો છે. આ એનો વિશ્વાસ કરીને અનુભવ કરવો એ એની ભક્તિ છે. '**ઈસલિયે જ્ઞાનકી અપેક્ષા સર્વગત હૈ.**'

'**જો સંપૂર્ણ વ્યાપારોં કા જાનનેવાલા હૈ.**' જગતના ચાર ગતિના ભવ્ય જીવો અને ચૌર્યાસીના અવતારના બધા પ્રાણીઓ અને જડ અનંતા, એના દ્રવ્ય, ગુણ અને પર્યાયનું પરિણમન બધું ભગવાનના જ્ઞાનમાં આવી જાય છે. વ્યાપારોં સે જાનતા હૈ સબ પદાર્થોં કો. '**વ્યાપારોં કો જાનનેવાલા હૈ, વહ પરિગ્રહરહિત કૈસે હો સકતા હૈ?**' બધા વ્યાપારને જાણે અને પરિગ્રહ નહિ. ભારે ભાઈ!

'**યહ વિરોધ હૈ; ઈસકા પરિહાર યહ હૈ કિ સર્વ પદાર્થોં કે સ્વાભાવિક અથવા વૈભાવિક પરિવર્તનોં કો જાનતે હુએ ભી...**' આપને સ્વાભાવિક અને વૈભાવિક પર્યાયનો સંબંધ નથી. એમ કર્મનો પણ સંબંધ આપને નથી. '**ઈસી તરહ દીર્ઘાયુસે સહિત હોકર ભી બુઢાપે સે રહિત હૈં,...**' લ્યો! દીર્ઘાયુ છે છતાં આત્માને બુઢાપો અને વૃદ્ધાવસ્થા કોઈ દિ' આવતી નથી. '**યહ વિરોધ હૈ; ઉસકા પરિહાર યહ હૈ કિ મહાપુરુષોંકે શરીરમેં...**' મહા ઉત્તમ પુરુષોના શરીરમાં, મહા ઉત્તમ પુરુષ એવા આત્મામાં '**વૃદ્ધાવસ્થાકા વિકાર નહીં હોતા...**' જીર્ણતા હોતી (નહીં).

**'અથવા શુદ્ધાત્મ સ્વરૂપકી અપેક્ષા વે કભી ભી જીર્ણ નહીં હોતે.'** જુઓ! એ પણ અર્થ કર્યો છે. શુદ્ધ ચૈતન્યસ્વરૂપમાં ઘણો કાળ ગયો... ઘણો કાળ ગયો માટે કાંઈ જીર્ણ-શીર્ણ કાંઈ કરચલી-બરચલી પડતી હશે ગુણમાં? ના. **'ઈસ તરહ શ્લોકમેં વિઘ્ન બાધાઓં સે અપની રક્ષા કરને કે લિયે...'** જુઓ! વાત તો આમ છે. પર્યાયમાં વિકાર છે અને બાહ્યમાં સંયોગમાં પ્રતિકૂળતા હો. આ બેયથી **'રક્ષા કરને કે લિયે પુરાણપુરુષ સે પ્રાર્થના કી ગઈ હૈ.'** અનાદિઅનંત ભગવાનની પ્રાર્થના આમ પરમાત્મા તીર્થંકરદેવની પ્રાર્થના કરી છે. સમજાણું? એની કથામાં કાંઈક વાત છે ખરી. હવે સાચી-ખોટી કાંઈ (ખબર નથી). ભક્તામર છે ને ભાઈ? ભક્તામરનું નથી આ હરિભાઈનું પુસ્તક? હરિભાઈએ છપાવ્યું છે એમાં બધી કથાઓ લીધી હતી.

એ પોતે ધનંજયે એક નામમાળા બનાવેલી, નામ માળા. થોડી. અને એ વખતે ઉજ્જૈનમાં ભોજ રાજા હતા ને? શું કહેવાય આ? રાજા ભોજ, રાજા ભોજ. એને વિદ્વતાનો બહુ શોખ હતો. વિદ્વાનોને મળું. એમાં એક કાળિદાસ જે કવિ હતા એને કાળી દેવી પ્રસન્ન હતી અને ઘણું બનાવેલું. એમાં કોઈ ગામનો એક શેઠ હશે. એના નાના છોકરાએ ધનંજયે બનાવેલી નામમાળા કંઠસ્થ કરેલી. છોકરાએ. કંઠસ્થ કરેલી અને એ છોકરાને લઈને રાજમાં ગયા તો રાજાએ તો અનુકૂળ હતો ને બધાને? પધારો શેઠ સાહેબ પધારો! એમ માન આપ્યું. છોકરાને ઓલી નામમાળા કંઠસ્થ હતી એ બોલાવી. આ છોકરો.. આટલું શું એને આવડે છે કાંઈ? કહે હા, એક નામમાળા છે એ કંઠસ્થ છોકરાએ કરી છે. બીજો તો અભ્યાસ નથી. રાજા કહે પણ એ નામમાળા એ નામ ગ્રંથનું મેં સાંભળ્યું નથી અત્યાર સુધી. હું તો બધા ગ્રંથનો જાણનાર છું. અત્યારે ચાલે છે એટલા બધા પંડિતોના. આ કોણ છે? સાહેબ! એક ધનંજય નામના આપની નગરીમાં મહાકવિ સમર્થ છે. એણે એક નામમાળા બનાવી છે. એ ઓલા કાળિદાસને સહન થયું નહિ. એ વાણિયા શું જાણે વળી નામને, વિદ્યાને? સમજાણું?

બ્રાહ્મણો એના વિદ્યાના પારંગત અને વેદ ને વેદના જાણનાર પારંગત છે. વાણિયાને વળી વિદ્યા કેવી? એ તો સાહેબ અમારી નામ મંજરી છે. અમારી નામ મંજરી છે. અમારી બનાવેલી છે. સમજાણું? ત્યારે કહે, બોલાવો ધનંજયને. બોલાવ્યા ધનંજયને. કહે, શું છે આ? સાહેબ! મેં બાળક માટે નામમાળા બનાવી છે. એ લોકો માથે હડતાળ ફેરવવા માટે, મારું નામ ભૂંસાડવા માટે એનું નામ નામ મંજરી આપ્યું છે. તપાસ કરો એ વસ્તુની. તપાસ કરતા તો નીકળી કે ઓહોહો..! આવા પુરુષ ગામમાં મારે અને શેઠ તમે મને દર્શન કરવા પણ ન આવો. મારી પાસે આવો નહિ. અને અમે કોણ છીએ તમે ગામમાં એની ખબરે અમને પડે નહિ. સાહેબ! અમારે શું કામ? અમને તો અમારા ધંધા હારે કામ. અમારે બીજા હારે (શું કામ હોય?) આજ આપના દર્શન થયા એટલે આપને આ વાત કરું છું.

એ ધનંજયે એકાકાર ભક્તિમાં છોકરાના બેહોશ પડેલાને પ્રજા... એમ ભગવાન આત્માની

પર્યાય બેહોશ થયેલી છે. સમજાણું કાંઈ? એમાં અંતરથી ઉલ્લાસ આવતો, ચૈતન્યપ્રભુ ભગવાનની ભક્તિમાં જોડાતો એ બેહોશનો નાશ થઈ જાય છે. એમાં સ્તુતિ કરતાં... કરતાં... કરતાં... કરતાં... એને ઈચ્છા પણ નથી, વરદાન માગતા નથી, મારે કાંઈ જોઈતું નથી. પણ ભક્તિમાં કુદરતે એવો નિમિત્ત નિમિત્ત સંબંધ થઈ ગયો. બાળકનું ઝેર એની મેળાએ વગર માગ્યે, વગર ઈચ્છે... શેઠી! ઊતરી ગયું. એમ આત્માના અંદરના જ્ઞાન અને ધ્યાનના ઉલ્લાસથી વગર માગણીએ કે મારે આનો નાશ થાય કે ઠીક (થાય) એમ પણ છે નહિ. સમજાણું કાંઈ? એ મિથ્યા ભ્રાંતિ અને મોહના રાગ-દ્વેષના ભાવનો સહેજે સ્વભાવની ધૂનમાં એનો નાશ થાય છે એવો ભગવાન આત્મા બિરાજે છે. ભગવાનની ભક્તિમાં બહારથી પણ નાશ થયો એવો વ્યવહાર પણ સાથે રહ્યો છે.

## કાવ્ય-૨

परैरचिन्त्यं युगभारमेकः,
स्तोतुं वहन्योगिभिरप्यशक्यः।
स्तुत्योऽद्य मेऽसौ वृषभो न भानोः,
किमप्रवेशे विशति प्रदीपः।।

જિસને પર-કલ્પનાતીત, યુગ-ભાર અકેલે હી ઝેલા,
જિસકે સુગુણ-ગાન મુનિજન ભી, કર નહિં સકે એક બેલા.
ઉસી વૃષભ કી વિશદ વિરદ યહ, અલ્પબુદ્ધિ જન રચતા હૈ,
જહાં ન જાતા ભાનુ વહાં ભી, દીપ ઉજેલા કરતા હૈ.

અન્વયાર્થ :— (परैः) દૂસરોં કે દ્વારા (अचिन्त्यम्) ચિંતવન કરને કે અયોગ્ય (युगभारम्) કર્મયુગ કે ભાર કો (एकः) અકેલે હી (वहन्) ધારણ કિયે હુએ તથા (योगिभिः अपि) મુનિયોં કે દ્વારા ભી (स्तोतुम् अशक्यः) જિનકી સ્તુતિ નહીં કી જાત સકતી હૈ—ઐસે (असौ वृषभः) વે ભગવાન વૃષભનાથ (अद्य) આજ (मे स्तुत्यः) મેરે દ્વારા સ્તુતિ કરને કે યોગ્ય હૈં અર્થાત્ આજ મૈં ઉનકી સ્તુતિ કર રહા હૂં, સો ઠીક હૈ. (भानोः) સૂર્ય કા (अप्रवेश) પ્રવેશ નહીં હોને પર (किम्) ક્યા (प्रदीपः) દીપક (न विशति) પ્રવેશ નહીં કરતા? અર્થાત્ કરતા હૈ.

ભાવાર્થ :— ભગવાન! યહાં જબ ભોગભૂમિ કે બાદ કર્મભૂમિ કા સમય પ્રારંભ

**હુઆ થા, ઉસ સમય કી સબ વ્યવસ્થા આપ અકેલે હી કર ગયે થે. ઈસ તરહ આપ કી વિલક્ષણ શક્તિ કો દેખકર યોગી ભી કહ ઉઠે કિ મૈં આપ કી સ્તુતિ નહીં કર સકતા, પર આજ મૈં આપ કી સ્તુતિ કર રહા હૂં. ઈસકા કારણ મેરા અભિમાન નહીં હૈ, પર મૈં સોચતા હૂં કિ જિસ ગુફા મેં સૂર્ય કા પ્રવેશ નહીં હો પાતા, ઉસ ગુફા મેં ભી દીપક પ્રવેશ કર લેતા હૈ. યહ ઠીક હૈ કિ દીપક, સૂર્ય કી ભાંતિ ગુફા કે સબ પદાર્થોં કો પ્રકાશિત નહીં કર સકતા; ઉસી તરહ મૈં ભી યોગિયોં કી તરહ આપ કી પૂર્ણ સ્તુતિ નહીં કર સકૂંગા, ફિર ભી મુજ મેં જિતની સામર્થ્ય હૈ, ઉસસે બાજ ક્યોં આઉં? ૨.**

## કાવ્ય-૨ ઉપર પ્રવચન

બીજો શ્લોક. (કાવ્ય) બોલો લ્યો.

**परैरचिन्त्यं युगभारमेकः,**
**स्तोतुं वहन्योगिभिरप्यशक्यः।**
**स्तुत्योऽद्य मेऽसौ वृषभो न भानोः,**
**किमप्रवेशे विशति प्रदीपः।।**

લ્યો! **'अद्य मे असौ वृषभो आदि ब्रह्मा'** એની સ્તુતિ કરું છું. આદિ બ્રહ્મા છે ને ટીકામાં? આદ્ય બ્રહ્મા. કેવા હતા એ ભગવાન? **'દૂસરોં કે દ્વારા ચિંતવન કરને કે અયોગ્ય હૈં.'** હે ભગવાન! બીજા દ્વારા આપ ચિંતવનમાં આવી શકો એવા નથી. ભગવાન આત્મા પણ કલ્પનામાં, ચિંતવનમાં આવી શકે એવો નથી. વચનાતીત છે, કલ્પનાતીત છે, મનાતીત છે. એકલો સ્વસંવેદન આનંદકંદથી જણાય એવો છે. એવો ભગવાન આત્મા અને પોતે પર પરમાત્મા. બેય **'દૂસરોં કે દ્વારા ચિંતવન કરને કે અયોગ્ય હૈં.'** **'युगभारम्'** **'કર્મ કે ભાર કો અકેલે હી ધારણ કિયે હુએ...'** હૈં. ત્યારે કર્મયુગ હતો અને કર્મભૂમિ જ્યારે થઈ એ બધા ભરત ક્ષેત્રનો ભાર આપે નિર્વાહ કર્યો છે. એકલા કલ્પવૃક્ષ આદિ જ્યારે ગયા, ત્યારે હે પ્રભુ! આપે બધાનો નિર્વાહ કર્યો. એમ આત્મામાં એકલું ચિંતવન, એકલા આનંદ અને સ્વરૂપની એકાગ્ર થતાં, બધા ભાવ, શુદ્ધનો ભાર આત્મા હોઈ શકે. એ વિકલ્પ અને નિમિત્તના ભાર નથી કે એ આત્માની શાંતિનું વહન કરી શકે. શેઠી!

**'કર્મયુગ કે ભાર કો અકેલે હી ધારણ કિયે હુએ...'** પેલું આવે છેને કલ્પવૃક્ષ ને? અંદરમાં એ છે. **'कल्पवृक्ष आदि अभावेन प्राणी आजिविका...'** પ્રાણીને આજીવિકા ન થઈ. ભગવાન પાસે પોકાર કરતા ગયા. હે પ્રભુ! આ બધું શું થયું આ? આજીવિકા

અમારા સાધન કલ્પવૃક્ષ સૂકાય છે. અમારે જે ચીજ જોઈએ. તે એમાં આવતી કે મળતી નથી. એ ભગવાન પાસે ગયા તો બધાની આજીવિકા (કરી દીધી). એવા વિકલ્પો આવ્યા અને એ જાતના પુણ્યનો યોગ અને નિમિત્ત થયા. સમજાય છે કાંઈ? જુઓ! એમાં ય ઊંધુ મારે છે કેટલાક કે ભગવાને પહેલું જગતને આ બતાવ્યું. કૃષિકર્મની વગેરે વિદ્યા આદિ. સમજાય છે? ભાઈ! એ વાતમાં એવી વાત છે કે એને એ જાતના પર્યાયો બહારમાં થવાના હોય. અહીંયાં એ જાતનો વિકલ્પ હતો, એ જાતનું કથન નીકળી ગયું. પોતે તો કલ્પવૃક્ષમાં અને અંતર આત્માની ધુનમાં ને એકાગ્રતામાં છે. પણ જગતના એવા પુણ્યને લઈને એવું થયું. એમ પવિત્રતામાં પણ એ કલ્પવૃક્ષ સમાન ભગવાન આત્મા, એની એકાગ્રતાની ધૂન કરતા મહા ચૈતન્ય અસાધારણ કારણ પ્રભુ, આ એની ભક્તિ કરતાં કલ્પવૃક્ષના બહારના સાધન તૂટ્યા, સામગ્રી તૂટી, શરીર જીર્ણાદિ થયું અને પુણ્ય ખૂટ્યા હોય પણ પવિત્રતા સ્વભાવને આશ્રયે પ્રગટે કે કોઈની એને જરૂર પડે નહિ. સમજાય છે કાંઈ? કોઈની જરૂર નહિ એવો ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણાનંદથી ભરચક ભરેલો છે.

અહીં ભગવાનની વ્યવહારથી વાત કરે છે. પ્રભુ! **'योगिभिः अपि'** **'મુનિયોં કે દ્વારા ભી જિનકી સ્તુતિ નહીં કી જા સકતી હૈ.'** મુનિઓ પણ શું કરે? અંદર સમાઈ ગયા. અંદર એક જ ઉપાય. મુનિથી પણ આપની સ્તુતિ (ન થઈ). ૩૩-૩૩ સાગર સુધી સ્વાધ્યાયના ભાવો કર્યા. સર્વાર્થસિદ્ધના દેવો, પણ કાંઈ પાર પડ્યો નહિ. એ અંદર સમાયે પાર (આવે), બાકી કોઈ રીતે પાર પડે એવું નથી. એવા **'મુનિયોં કે દ્વારા ભી જિનકી સ્તુતિ નહીં કી જા સકતી હૈ — ઐસે વે ભગવાન વૃષભનાથ આજ મેરે દ્વારા સ્તુતિ કરને કે યોગ્ય હૈં.'** મુનિઓ દ્વારા સ્તુતિ થતી નથી એની મારા દ્વારા સ્તુતિ કરવા યોગ્ય છે. **'અર્થાત્ આજ મૈં ઉનકી સ્તુતિ કર રહા હૂં, સો ઠીક હૈ. સૂર્ય કા પ્રવેશ નહીં હોને પર...'** જ્યાં સૂર્ય ન હોય ત્યાં **'દીપક પ્રવેશ નહીં કરતા?'** દીપકથી અંજવાળુ નથી થતું. સૂર્ય ન હોય ત્યાં સુધી દીપકથી અંજવાળું થાય કેમ? હે ભગવાન! પૂર્ણ પરમાત્મા અંતરમાં પ્રગટરૂપે પડ્યા છો એ તો બહાર આવે નહિ. પણ અમારી વર્તમાન પ્રગટ પર્યાય દ્વારા, દીપક દ્વારા અમારા ચૈતન્યની જાતની અમે સંભાળ લઈ શકીએ છીએ. સમજાય છે કાંઈ? ક્યા **'દીપક પ્રવેશ નહીં કરતા?'**

**'હે ભગવંત! યહાં જબ ભોગભૂમિકે બાદ કર્મભૂમિકા સમય પ્રાપ્ત હુઆ થા, ઉસ સમય કી સબ વ્યવસ્થા આપ અકેલે હી કર ગયે?'** જુઓ! વ્યવસ્થા કરી શકાતી હશે કે નહિ? શેઠી! એ નિમિત્ત નૈમિત્તિક સંબંધના વ્યવહારના કથનનું મહત્પણું બતાવ્યું છે. **'ઈસ તરહ આપકી વિલક્ષણ શક્તિ કો દેખકર યોગી ભી કહ ઉઠે કિ મૈં આપકી સ્તુતિ નહીં કર સકતા,...'** ઓ..હો..! એમનો વ્યવહાર, એમનો નિશ્ચય, એમના પુણ્ય, એનું શરીર પરમ ઔદારિક, એની વાણી મીઠી મધુરી આદિ કોઈ વાતનું હું વર્ણન કરી શકું

એવી મારામાં તાકાત નથી. ઈન્દ્ર પણ હારી ગયા એ પછી કહેશે. સમજાણું? **'આપકી સ્તુતિ નહીં કી જાતી,...'** હે ભગવાન ઋષભનાથ! **'આજ મેરે દ્વારા સ્તુતિ કરને યોગ્ય' 'સૂર્યકા પ્રવેશ નહીં હો પાતા,...'** દીવાનો પ્રવેશ નથી. એમ સર્વ વ્યવસ્થા જ્યારે આપે કરી, **'ઈસ તરહ આપકી વિલક્ષણ શક્તિ કો દેખકર યોગીઓ ભી કહ ઉઠે કિ... પર આજ મૈં આપકી સ્તુતિ કર રહા હૂં.'** મારું જોર ચૈતન્યપ્રભુમાં છે અને આપની ભક્તિમાં છે. ભલે બીજા ન કરી શક્યા પણ હું તો કરવા તૈયાર થયો છું. સમજાય છે કાંઈ?

**'ઈસકા કારણ મેરા અભિમાન નહીં, પર મૈં સોચ રહા હૂં કિ જિસ ગુફા મેં સૂર્ય કા પ્રવેશ નહીં હો પાતા,...'** જે ગુફામાં સૂર્યનો પ્રવેશ નથી **'ઉસ ગુફા મેં ભી દીપક પ્રવેશ કર લેતા હૈ. યહ ઠીક હૈ કિ દીપક, સૂર્ય કી ભાંતિ ગુફા કે સબ પદાર્થોં કો પ્રકાશિત નહીં કર સકતા; ઉસી તરહ મૈં ભી યોગિયોં કી તરહ આપકી પૂર્ણ સ્તુતિ નહીં કર સકૂંગા, ફિર ભી મુજમેં જિતની સામર્થ્ય હૈ, ઉસસે બાજ ક્યોં આઉં?'** બાજનો અર્થ શું છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈસસે નહીં ચૂકૂંગા. જેટલી મારી શક્તિમાં છે એનાથી હું ચુકીશ નહિ. બરાબર મારા પુરુષાર્થ દ્વારા આત્માને મેળવી લઈશ. ભગવાન! આપની પણ ભક્તિ કરીશ અને મારો સ્વભાવ પૂર્ણ છે એને પણ મારા પ્રયત્ન દ્વારા હું મેળવીશ. એવો મને હરખ અને વિશ્વાસ છે. એવો મને વિશ્વાસ છે અને એવો મને હરખ છે એમ કહે છે. સમજાણું?

અધ્યાત્મમાં એમ છે મૂળ તો. પરમાત્મસ્વભાવ આત્માનો ચિંતવન .. નથી. છતાં હું અંતર સાધક દ્વારા, સ્વભાવ દ્વારા, તેનો અનુભવ કરવા તૈયાર થયો છું. ભલે આખો સૂર્ય પ્રભુ પૂર્ણાનંદની પ્રાપ્તિ કેવળજ્ઞાનની કે સૂર્ય પ્રભુ આત્મા બહાર ન આવે. પણ મારી જ્ઞાનની સ્વસંવેદનશક્તિ દ્વારા—દીવા દ્વારા આપને હું પહોંચી વળીશ અને આપના પૂર્ણ સ્વભાવને પ્રાપ્ત કરીને હું પણ મોક્ષ જવાનો છું.

---

## કાવ્ય-૩

तत्याज शक्रः शकनाभिमानं,
नाहं त्यजामि स्तवनानुबन्धम्।
स्वल्पेन बोधेन ततोऽधिकार्थं,
वातायनेनेव निरूपयामि।।

શક્ર સરીખે શક્તિવાન ને, તજા ગર્વ ગુણ ગાને કા,
કિન્તુ ન મૈં સાહસ છોડૂંગા, વિરદાવલી બનાને કા.
અપને અલ્પજ્ઞાન સે હી મૈં, બહુત વિષય પ્રકટાઉંગા,
ઈસ છોટે વાતાયન સે હી, સારા નગર દિખાઉંગા.

અન્વયાર્થ :— (शक्र) ઈન્દ્ર ને (शकनाभिमानम्) સ્તુતિ કર સકને કી શક્તિ કા અભિમાન (तत्याज) છોડ દિયા થા કિન્તુ (अहम्) મૈં (स्तवनानुबन्धम्) સ્તુતિ કે ઉદ્યોગ કો (न त्यजामि) નહીં છોડ રહા હૂં. મૈં (वातायनेन इव) ઝરોખે કી તરહ (स्वल्पेन बोधेन) થોડે સે જ્ઞાન કે દ્વારા (ततः) ઉસસે (अधिकार्थम्) અધિક અર્થ કો (निरूपयामि) નિરૂપિત કર રહા હૂં.

ભાવાર્થ :— જિસ તરહ છોટે સે ઝરોખે મેં ઝાંકકર ઉસસે કઈ ગુણી બડી વસ્તુઓં કા વર્ણન કિયા જાતા હૈ, ઉસી તરહ મૈં ભી અપને અલ્પજ્ઞાન સે જાનકર આપ કે ગુણોં કા વર્ણન કર રહા હૂં. મુજે અપને ઈસ અનોખી સૂઝ પર હર્ષ ઔર વિશ્વાસ દોનોં હૈં, ઈસલિયે મૈં ઈન્દ્ર કી તરહ અપની શક્તિ કો નહીં છિપાતા. ૩.

## કાવ્ય-૩ ઉપર પ્રવચન

ત્રીજી. (ત્રીજું કાવ્ય)

तत्याज शक्रः शकनाभिमानं,
नाहं त्यजामि स्तवनानुबन्धम्।
स्वल्पेन बोधेन ततोऽधिकार्थं,
वातायनेनेव निरूपयामि।।

એનું હિન્દી છે આમાં બીજાએ કરેલું. આપણે આમાં પણ છે. સ્તવનમાળા છેને? સ્તવનમાળામાં એ બીજાનું કરેલું છે હિન્દી. એક સ્તવનમાળા છે આમાં એ બીજાનું કરેલું છે.

શક્ર સરીખે શક્તિવાન ને, તજા ગર્વ ગુણ ગાને કા,
કિન્તુ મૈં ન સાહસ છોડૂંગા, વિરદાવલી બનાને કા.
અપને અલ્પજ્ઞાન સે હી મૈં, બહુત વિષય પ્રગટાઉંગા,
ઈસ છોટે વાતાયન સે હી, સારા નગર દિખાઉંગા.

જુઓ! આ હિન્દી છે તમારે હિન્દીવાળાને જરી (સહેલું પડે). 'शक्र' નામ દેવેન્દ્ર. '**ઈન્દ્ર ને સ્તુતિ કર સકને કી શક્તિ કા અભિમાન છોડ દિયા...**' હે નાથ! શું સ્તુતિ કરું? ક્યાં આપના ગુણ! મારી દૃષ્ટિમાં પૂર્ણ તો આવતા નથી. હું શું સ્તુતિ કરી શકું? સાધક છે ને? સમ્યગ્દૃષ્ટિ છે. કાંઈ પૂર્ણ ગુણ પ્રગટ થયા નથી. એવા શક્ર નામ સામર્થ્યવાળો આત્મા,

પર્યાયમાં સમર્થ હોવા છતાં, એ પૂર્ણને પહોંચી શકતો નથી. માટે કહે છે, હું સ્તુતિ કરવાનો વિકલ્પ છોડી દઉં છું.

એમ '**શક્રને સ્તુતિ કરને કી શક્તિ કા અભિમાન છોડ દિયા થા કિન્તુ મૈં સ્તુતિ કે ઉદ્યોગ કો નહીં છોડ રહા હૂં.**' સ્તુતિનો ઉદ્યોગ નહિ છોડું. અંતરાત્મા એ પણ સ્તુતિ કરતાં... કરતાં... કરતાં... અંતરમાં ઠરી ગયા અને ત્યારે તે પરમાત્મપદને પામ્યા. હું પણ હવે સ્તુતિ કરતા પાછો હઠીશ નહિ. સમજાણું કાંઈ? આત્માનો સ્વભાવ પૂર્ણ પરમાત્મા, પરમબ્રહ્મ અખંડાનંદ એની સ્તુતિ ને ભક્તિમાં એકાગ્ર થયેલો હું, હવે પાછો હઠીશ નહિ. પૂર્ણ કેવળજ્ઞાન અને પરમાત્મપદને પ્રાપ્ત કર્યે, મારો પૂર્ણ પુરુષાર્થ ત્યારે પ્રાપ્ત થશે. એ વિના હવે પાઠો હઠીશ નહિ. લ્યો! આ ગૃહસ્થાશ્રમમાં શેઠ પોતે ભગવાનની ભક્તિ કરતાં, આટલો પુરુષાર્થ ઉછાળે છે.

મહાકવિ ભક્તરાજ છે. ધનંજય એનું નામ, જુઓને ધનંજય! એક કોર ધન્ય એનો આત્મા અને જય જેનો થયો. સમજાય છે કાંઈ? પ્રભુ! ઈન્દ્રને સ્તુતિ કરને કા અભિમાન છોડ દિયા. '**મૈં સ્તુતિ ઉદ્યોગ કો નહીં છોડ રહા હૂં. મૈં ઝરોખેં કી તરહ...**' ઝરોખું હોય ને નાની આંખ આમ ઝરોખું જોવાનું. '**ઝરોખે કી તરહ થોડે સે જ્ઞાન કે દ્વારા અધિક અર્થ કો ઝરોખે ઓર જ્ઞાનસે અધિક અર્થકો નિરૂપિત કર રહા હૂં.**' દેખો! નાના ઝરોખામાં બેઠી એણે અર્થ પૂરો નથી લીધો. પાઠમાં છેલ્લું છે, જુઓ! ... એક નાના કાણામાંથી હું અનેક હાથી જોઈ શકીશ. છિદ્ર તો નાનું હોય આમ. પણ એમાંથી અનેક ગજ, મોટા ગજ—હાથી એનાથી હું જોઈ શકીશ. એમ હે ભગવાન! આપની સ્તુતિ કરતાં.. કરતાં કરતાં મારું જ્ઞાન તો અલ્પ છે, અલ્પ બુદ્ધિ છે પણ મોટો ગજ હાથી જેવો આત્મા, એના પૂર્ણ ગુણની હું સ્તુતિ કરવા તૈયાર થયો છું. અલ્પ જ્ઞાન દ્વારા મહા સર્વજ્ઞની સ્તુતિ હું કરીશ. સર્વજ્ઞ દ્વારા સર્વજ્ઞની સ્તુતિ ક્યાં થાય છે? મારા અલ્પ જ્ઞાન દ્વારા આપની સ્તુતિ કરીશ પરમાત્માની વિકલ્પથી વ્યવહારથી વાત છે. નિશ્ચયથી પોતાના સ્વભાવની સ્તુતિ કરીશ. ભલે જ્ઞાન થોડું પાંચ સમિતિ, ગુપ્તિ આદિ થોડું હોય. પણ કેવળજ્ઞાનનો કંદ, અવિનાભાવી એવો ચૈતન્ય, એની સ્તુતિ અને ભક્તિ કરવા હું તૈયાર થયો છું. એમાંથી આખા આત્માને ભાળીશ. નાના કાણામાં ગજ દેખાય, એમ નાના જ્ઞાનમાં આખો આત્મા દેખાય. સમજાણું કાંઈ?

ભક્તો ભજન કરેને? એ આ ભજન. આ ભજન છે. આપણે આવે છેને ૩૧મી ગાથામાં? પૂછ્યું નહિ શિષ્યે? પ્રભુ! કેવળીની સ્તુતિ કોને કહેવી? ભગવાનની સ્તુતિ તીર્થંકરની કોને કહેવી? અરે..! તીર્થંકરની સ્તુતિ એને કહીએ છીએ કે, તીર્થંકર પોતાનો આત્મા. એનો એકલા જ્ઞાનઘન, કેવળજ્ઞાનમાં એકાકાર થઈને આત્માનું સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ કરવું, આ એણે ભગવાનની સ્તુતિ કરી છે. કહો, સમજાણું કાંઈ? ઓલો વિકલ્પથી વ્યવહાર છે એ છે. પણ નિશ્ચય આ સર્વજ્ઞ... પૂછ્યો પ્રશ્ન તીર્થંકરની સ્તુતિનો, કેવળીનો. ઉત્તર આપ્યો આત્માનો.

ભૂલ કરી હશે? 'કુંદકુંદાચાર્યે' ભૂલ (કરી હશે)? પણ પૂછે છે કે પ્રભુ! ભગવાનની સ્તુતિ કોને કહેવી? આ ભગવાનની સ્તુતિ, આ ભગવાન આત્મા પૂર્ણાનંદ નિર્વિકલ્પોહં, ઉદાસીનોહં. ત્રણ કાળ ત્રણ લોકમાં બધા જીવો એ પ્રકારે શુદ્ધ છે એમ અંતરમાં દૃષ્ટિનો અનુભવ થવો (જોઈએ.) આ એને ભગવાનની સ્તુતિ ને કેવળીની સ્તુતિ કરી કહેવાય. બાકી એકલા પુણ્ય બાંધે ને શુભ થાય ને એ કેવળીની સ્તુતિ છે નહિ. વ્યવહારની—પૂછી ભગવાનની, ત્યાં કીધી આત્માની.

મુમુક્ષુ :- પોતાની મારફત જ છે.

ઉત્તર :- પોતાની મારફત દ્વારા પોતે સમજાય છે. એમ પોતાની મારફત દ્વારા જ આ ભગવાનના વિકલ્પથી, વ્યવહારથી ભક્તિ થાય છે. ત્યાં ભગવાન ક્યાં અંદર આપે છે અને દે છે કાંઈ? કહો, સમજાણું આમાં?

'**ભાવાર્થ :— જિસ તરહ છોટે સે ઝરોખે મેં ઝાંકકર ઉસસે કઈ ગુણી બડી વસ્તુઓંકા વર્ણન કિયા જાતા હૈ;...**' લ્યો! નાના ઝરોખામાં ઝાંકીને '**કઈ ગુણી બડી વસ્તુઓંકા વર્ણન કિયા જાતા હૈ...**' અનંત અનંત ગુણા! ઓહોહો..! નાની આંખ આટલી જુઓને બહારની. ડુંગર ઉપર ચડ્યો હોય. મોટા ડુંગર ઉપર. ૨૫-૫૦ ગાવનું દેખાય. શેનાથી? આટલો ભાગ છે એ નહિ, અંદર જ્ઞાનની પર્યાયની મહત્તા છે. જ્ઞાનની પર્યાયમાં ક્ષેત્ર માગતું નથી કે આટલા ક્ષેત્રથી (આવડું મોટું દેખાય). ખરેખર તો અહીંથી નજર પણ પડતી નથી બહાર. આ તો આ બધું... ખાડા ક્યાં છે ત્યાં? આંખમાં છિદ્ર નથી. સમજાય છે? આંખમાં કોઈને એમ લાગે કે, અહીંથી આમ છિદ્ર છે એમાંથી દેખે છે. એમ નથી. એ તો બંધન ઔદારિક બંધનની પ્રકૃતિને લઈને, એક આમ એકાકાર દળ થઈ ગયું છે. પણ જ્ઞાનના પર્યાયની તાકાત એવી છે એક આટલા ઉઘાડમાં પણ જેટલું એને નજરમાં આવે એટલું જોઈ શકે. અને જ્ઞાનની પર્યાયમાં સર્વજ્ઞ આવો આત્મા છે એને પણ એ જાણીને અનુભવી શકે છે. એવી એની જ્ઞાનપર્યાયમાં તાકાત છે. અલ્પ જ્ઞાનમાં સર્વજ્ઞને અનુભવી શકે એવી તાકાત છે. સમજાય છે કાંઈ? એ વિકલ્પમાં, શુભરાગમાં, સંયોગમાં એ તાકાત નથી. આ જ્ઞાનની પર્યાયની તાકાતથી પરમાત્મા પોતાની ભક્તિ કરી શકે છે અને પરની પણ ભક્તિ વિકલ્પથી આવે છે.

'**ઉસી તરહ મૈં ભી અપને અલ્પજ્ઞાન સે જાનકર આપકે ગુણોં કા વર્ણન કર રહા હૂં. મુઝે અપની ઈસ અનોખી સૂઝ પર...**' જુઓ! અનોખી સૂઝ. બીજી જ મારી સૂઝ આવી આમાં. '**ઈસ અનોખી સૂઝ પર હર્ષ ઔર વિશ્વાસ દોનોં હૈં,...**' હરખ પણ છે અને વિશ્વાસ પણ છે. '**ઈસલિયે મૈં ઈન્દ્ર કી તરહ અપની શક્તિ કો નહીં છિપાતા.**' જુઓને! અંતરાત્મા, અંદરમાં શક્તિમાં આવે છે અને હજી હળવે હળવે... મહારાજ! હું તો આત્મામાં, પૂર્ણાનંદની પ્રાપ્તિ માટે, પ્રયત્ન ઉદ્યમ થયો એમાંથી પાછો હટું એવો નથી.

## કાવ્ય-૪

त्वं विश्वदृश्वा सकलैरदृश्यो,
विद्वानशेषं निखिलैरवैद्यः।
वक्तुं कियान्कीदृश इत्यशक्यः,
स्तुतिस्ततोऽशक्तिकथा तवास्तु।।

તુમ સબ-દર્શી દેવ કિન્તુ, તુમકો ન દેખ સકતા કોઈ,
તુમ સબકે હી જ્ઞાતા પર, તુમકો ન જાન પાતા કોઈ.
'કિતને હો' 'કૈસે હો' યોં કુછ, કહા ન જાતા ભગવાન!
ઈસસે નિજ અશક્તિ બતલાના, યહી તુમ્હારા સ્તવન મહાન.

અન્વયાર્થ :— (त्वम्) આપ (विश्वदृश्वा अपि) સબ કો દિખાનેવાલે હૈં કિન્તુ (सकलैः) સબકે દ્વારા (अदृश्यः) નહીં દેખે જાતે. આપ (अशेषम् विद्वान्) સબ કો જાનતે હૈં, પર (निखिलैः अवेद्यः) સબ કે દ્વારા નહીં જાને જાતે. આપ (कियान् कीदृशः) કિતને ઔર કૈસે હૈં? (इति) યહ ભી (वक्तुम् अशक्यः) નહીં કહા જા સકતા, (तत्) ઈસલિયે (तव स्तुतिः) આપ કી સ્તુતિ (अतिशक्तिकथा) મેરી અસામર્થ્ય કી કહાની હી (अस्तु) હો.

ભાવાર્થ :— આપ સબકો દેખતે હૈં, પર આપ કો દેખને કી કિસી મેં શક્તિ નહીં હૈ. આપ સબકો જાનતે હૈં, પર આપ કો જાનને કી કિસી મેં શક્તિ નહીં હૈ. આપ કૈસે ઔર કિતને પરિમાણવાલે હૈં? — યહ ભી કહને કી કિસી મેં શક્તિ નહીં હૈ. ઈસ તરહ આપ કી સ્તુતિ માનો અપની અશક્તિ કી ચર્ચા કરના હી હૈ.

ઈસસે પહલે કે શ્લોક મેં કવિ ને કહા થા કિ ઈન્દ્ર ને ભી આપ કી સ્તુતિ કરને કા અભિમાન છોડ દિયા હૈ, પર મૈં નહીં છોડૂંગા અર્થાત્ મુજ મેં સ્તુતિ કરને કી શક્તિ હૈ, પર જબ વે સ્તુતિ કરના પ્રારંભ કરતે હૈં ઔર પ્રારંભ મેં હી ઉનકો કહના પડતા હૈ કિ સબ મેં આપ કો દેખને કી, જાનને કી અથવા કહને કી શક્તિ નહીં હૈ; જિસકા તાત્પર્ય અર્થ યહ હોતા હૈ કિ મુજ મેં ભી ઉસકી શક્તિ નહીં હૈ, તબ ઉન્હેં ભી અંત મેં સ્વીકાર કરના પડતા હૈ કિ ઈન્દ્ર ને જો શક્તિ કા અભિમાન છોડા થા, વહ ઠીક હી કિયા થા ઔર મેરે દ્વારા કી ગયી યહ સ્તુતિ ભી મેરી અશક્તિ કી કથા હી હો. ૪.

## કાવ્ય-૪ ઉપર પ્રવચન

ચોથો શ્લોક. (કાવ્ય)

त्वं विश्वदृश्वा सकलैरदृश्यो,
विद्वानशेषं निखिलैरवैद्यः।
वक्तुं कियान्कीदृश इत्यशक्यः,
स्तुतिस्ततोऽशक्तिकथा तवास्तु।।

**તુમ સબ-દર્શી દેવ કિન્તુ, તુમકો ન દેખ સકતા કોઈ,**
**તુમ સબકે હી જ્ઞાતા પર, તુમકો ન જાન પાતા કોઈ.**
**'કિતને હો' 'કૈસે હો' યોં કુછ, કહા ન જાતા હે ભગવાન!**
**ઈસસે નિજ અશક્તિ બતલાના, યહી તુમ્હારા સ્તવન મહાન.**

ભો! જિન! વિશ્વં છેને? વિશ્વં પશ્યતિ ઈતિ વિશ્વદષ્ટા, વિશ્વદષ્ટા. છેને પાઠમાં ઈ? વિશ્વદષ્ટા. હે ભગવાન! સમસ્ત વસ્તુના આપ દષ્ટા છો. કોઈના કર્તા-હર્તા નહિ અને દેખનારા આખા વિશ્વ સમસ્ત વસ્તુના દેખનારા છો.

**'આપ સબકો દેખનેવાલે હૈં કિન્તુ સબકે દ્વારા નહીં દેખે જાતે.'** જુઓ વિરોધ. સબકો આપ જાણો પણ સબ દ્વારા આપ જણાય એવા આપ આત્મા છે નહિ. એવા ભગવાન તમે પણ નથી. વિરોધ કર્યો. વિરોધ બેયનો વિરોધ. એમ અમારા આત્મામાં હે નાથ! વિરોધ હોય એ અમારા સ્વભાવ દ્વારા એ વિરોધનો નાશ થાય. એમ કરીને આ વિરોધ કર્યો છે. **'આપ સબકો જાનતે હૈં, પર સબકે દ્વારા નહીં જાને જાતે.'** પહેલા દેખવાની વાત હતી. દષ્ટાની વાત હતી. આ જ્ઞાનની વાત છે. **'સબકો આપ જાનતે હૈં, પર સબકે દ્વારા નહીં જાને જાતે.'** એવો વિરોધ આપની અંદર સમાયેલો છે. કહો, સમજાણું કાંઈ?

**'આપ કિતને ઔર કૈસે હૈં? યહ ભી નહીં કહા જા સકતા,...'** કલ્પનાથી એ કાંઈ પાર પડે એવું નથી. **'કિતને ઔર કૈસે હૈં?'** અંદર કેવળજ્ઞાન. એ કેવળજ્ઞાનનો વિષય અનંત અપરિમિત એવો જે એક સમયનો સ્વભાવ એવો અનંત અનંત ગુણનો (સ્વભાવ). એવા કેવળજ્ઞાનની પર્યાયનો સમૂહ એવો જ્ઞાનગુણ. એક ગુણનો વિષય કેટલો? એવા અનંતા ગુણનો કેટલો? હે પ્રભુ! **'કિતને ઔર કૈસે હૈં? યહ ભી અશક્ય હૈ નહીં કહા જા સકતા, ઈસલિયે આપકી સ્તુતિ મેરી અસામર્થ્યકી કહાની હી હો.'** પહેલા કીધું હતું કે અભિમાન ઈન્દ્રે છોડી દીધા પણ હું તો તૈયાર છું એમ કહ્યું હતું. પાછા ગુલાંટ ખાય છે. પ્રભુ! આપની સ્તુતિ કરી શકું નહિ એ જ આપની સ્તુતિ છે. આપની સ્તુતિ શું કરું?

હું અશક્ય છું. એમ કહેવાથી જ આપના ગુણોની સ્તુતિ થઈ જાય છે. એમ આત્મામાં હું શું કરું? મારા પૂર્ણાનંદ પ્રભુને કેમ પહોંચું? મારી શક્તિ નથી. એમ કહેતા પૂર્ણાનંદનું માહાત્મ્ય એમાં આવી જાય છે. સમજાય છે કાંઈ? લ્યો, એ અશક્ય છું સ્તુતિ (કરવામાં) એમ કરીને પણ પૂર્ણ સ્વભાવ આવો છે એમ સ્તુતિ કરી છે.

'ભાવાર્થ :— **આપ સબકો દેખતે હૈં, પર આપકો દેખને કી કિસી મેં શક્તિ નહીં હૈ.**' સબ મેં શક્તિ નહીં. બધામાં એ શક્તિ છે કાંઈ? મિથ્યાદષ્ટિ, સમ્યગ્દષ્ટિને પણ પૂર્ણ સ્વરૂપ તો એકદમ પ્રગટ થાતું નથી. '**આપ સબકો જાનતે હૈં, પર આપકો જાનને કી કિસી મેં શક્તિ નહીં. આપ કૈસે ઔર કિતને પરિમાણવાલે હૈં?**' ઓહો..! એ જ્ઞાનગુણ, એ દર્શનગુણ કેવો? કોણ? શું આ? મોટા મોટા પંડિતો ગોથા ખાય છે કે આ તે અનંત વસ્તુ! અપરિમિત વસ્તુ! કાળથી, ક્ષેત્રથી, ભાવથી, સંખ્યાથી બધાને એક સમયનું જ્ઞાન, પાર પામી જાય છે. શું છે? માથા ફરી જાય છે કેટલાકના. સમજાણું? એવા એવા એક સમયની પર્યાયવાળા, એવી અનંતી પર્યાયની માળાનો ધરનાર એક ગુણ, એનો વિષય શું અને એનું સામર્થ્ય શું? એ કલ્પનાની બહાર, એ કલ્પના અને વિકલ્પથી પાર પડે એવું નથી. એકલા વિકલ્પની તર્કથી કરે એ વસ્તુ એમ સમજાય એવી નથી.

'**કિતને પરિમાણવાલે હૈં? — યહ ભી કહને કી કિસી મેં શક્તિ નહીં હૈ.**' અપરિમિત વસ્તુ, ભગવાનનો સ્વભાવ અપરિમિત. ભગવાન તો ... મર્યાદિત ચીજને જાણે અને અમર્યાદિતને જાણે. એની મર્યાદા જાણનારની શું કહેવી? એ તો અપરિમિત, અમર્યાદિત ચીજ આત્મા છે અને ભગવાનનો આત્મા પણ અમર્યાદિત પ્રગટ થયો છે. '**ઈસ તરહ આપકી સ્તુતિ માનો અપની અશક્તિ કી ચર્ચા કરના હી હૈ.**' આપની શક્તિની સ્તુતિ કરતા '**અપની અશક્તિ કી ચર્ચા કરના હી હૈ.**' મારી શક્તિ નથી. એમ કહીને જ આપની સ્તુતિ કરી રહ્યો છું.

'**ઈસસે પહલે કે શ્લોક મેં કવિને કહા થા કિ ઈન્દ્ર ને ભી આપકી સ્તુતિ કરને કા અભિમાન છોડ દિયા હૈ, પર મૈં નહીં છોડૂંગા અર્થાત્ મુઝમેં સ્તુતિ કરને કી શક્તિ હૈ, પર જબ વે સ્તુતિ કરના પ્રારંભ કરતે હૈં ઔર પ્રારંભ મેં હી ઉન્હેં કહના પડતા હૈ કિ સબ મેં આપકો દેખને કી, જાનને કી અથવા કહને કી શક્તિ નહીં હૈ;...**' કહનેકી શક્તિ નહીં. '**જિસકા તાત્પર્ય અર્થ યહ હોતા હૈ કિ મુઝમેં ભી ઉસકી શક્તિ નહીં હૈ,...**' મારામાં પણ એ શક્તિ નથી. પર્યાયમાં ક્યાં છે? દ્રવ્યમાં જે આખું તત્ત્વ પડ્યું છે એવી પર્યાયમાં શક્તિ તો છે નહિ.

'**તબ ઉન્હેં ભી અંત મેં સ્વીકાર કરના પડતા હૈ કિ, ઈન્દ્રને જો શક્તિ કા અભિમાન છોડા થા, વહ ઠીક હી કિયા થા...**' વહ ઠીક હી કિયા થા અર્થાત્ વિકલ્પ દ્વારા એટલું માહાત્મ્ય કરવા ગયો પણ એ વિકલ્પથી માહાત્મય કાંઈ પાર પડતું નથી. વિકલ્પને

છોડીને નિર્વિકલ્પ થાય ત્યારે તેનું માહાત્મ્ય ખ્યાલમાં આવે છે. **'ઔર મેરે દ્વારા કી ગયી યહ સ્તુતિ ભી મેરી અશક્તિ કી કથા હી હો.' 'મેરી અશક્તિ કી કથા...'** અને આપની અપરિમિત શક્તિની કથા. **'મેરી અશક્તિ કી કથા...'** અને આપના અનંત અનંત ગુણો. જુઓ! આ પરમાત્મા ધર્મનું મૂળ સર્વજ્ઞ એના આખા વાંધા અત્યારે ઉઠ્યા.

કેવળજ્ઞાન એવી પર્યાયનો પિંડ પ્રભુ. એવા અંદરના દ્રવ્યના માહાત્મ્ય આવ્યા વિના એ કેવળીએ શું જોયું અને કેવળીએ શું જાણ્યું? એ એના સમાધાનમાં અંદર બેસે નહિ. સમજાય છે કાંઈ? કોઈ નહોતું કહેતું? ફલાણો વિષય અમને બેસતો નથી. કોણ કહેતું હતું? આ શું છે? કહેતું હતું ને કોઈ સવારે કો'ક? ઓલો પ્રશ્ન કર્યો એમાં. 'નેમિચંદ'નો નહોતું મુખત્યારનું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, ચર્ચા એ.

મુમુક્ષુ :- ઊર્ધ્વગમન સ્વભાવ.

ઉત્તર :- ઊર્ધ્વગમન સ્વભાવ હોવા છતાં એક સમયમાં એટલો કેમ ચાલે? અમને બેસતું નથી. આહાહા...! સવારે વાત થઈ હતી ને ભાઈ? આજ કે કાલ? રાત્રે વાત થઈ હતી રાત્રે.

અરે..! એના સ્વભાવની શક્તિ. ઊર્ધ્વગમન ગતિનું બહુ ઊંચું જાવું એ એનું માન છે? સમજાય છે? ગતિમાં ખૂબ આઘો જાય એનું માહાત્મ્ય છે? એક પરમાણુ પણ એક સમયમાં ચૌદ બ્રહ્માંડમાં નીચેથી ઉપર ચાલ્યો જાય છે અને એક જીવ પણ તેજસ અને કાર્મણ શરીર લઈને પોતાની ગતિએ પોતે ચાલ્યો જાય છે અને શરીરની ગતિએ શરીર ચાલ્યું જાય છે. એ ચૌદ બ્રહ્માંડમાં એક સમયમાં જાય, એ કાંઈ એનું માહાત્મ્ય નથી. એ કાંઈ ચીજનું સ્વરૂપ ને સમર્થાઈ નથી. ભગવાન એક સમયમાં, આમ ત્રણ કાળ ત્રણ લોક જેવા છે તેવા થતાં, થયું ને થાશે બધું એક સમયમાં સમાઈ જાય છે. એવો ભગવાન આત્મા અને એવા પરમાત્મા આ એનું માહાત્મ્ય, અંતર દૃષ્ટિમાં આવ્યા વિના એની સાચી ભક્તિ હોઈ શકે નહિ. એકલા ભગવાન પાસે પૂજા કરે ને આ કરીએ ને પૂજા દરરોજ કરીએ, હંમેશા દર્શન કરીએ. કોના હંમેશા દર્શન? હંમેશા દર્શન આત્માના કર્યા? શેઠી! ભગવાનના દર્શન કરી આવ્યા. પણ ક્યા દર્શન? એ તો વ્યવહાર છે, નિમિત્ત છે, શુભભાવ છે એ આવે. પણ અંતર દર્શનના માહાત્મ્યના સ્વભાવનું અંતર બેઠા વિના, એ અંતર દર્શન વિના પરનું દર્શન હોઈ શકે નહિ.

એક જણાને પૂછયું હતું, દર્શન પડિમા એટલે શું તમારી? દર્શન પડિમા એટલે શું? કહે, આ ભગવાનના દરરોજ દર્શન કરવા એ દર્શન પડિમા. હજારીમલજી! લ્યો, આવા પણ પડ્યા છે અંદર. ભગવાનના હંમેશા દર્શન કરવા એ દર્શન પડિમા. આ કાંઈ વાતને સમજે છે? અરે..! (નિજ) ભગવાનના હંમેશા દર્શન કરવા એ દર્શન પડિમા. ચિદાનંદ પ્રભુ અખંડ આનંદ જેના વિશ્વાસ અને હરખથી બેઠો. વિશ્વાસ અને હરખથી હોં સાથે? આત્મા પૂર્ણ સ્વરૂપ,

આ નિર્વિકલ્પ છે એવી દૃષ્ટિ અને હરખમાં એ વિશ્વાસ બેઠો, એણે ભગવાનના હંમેશા દર્શન કર્યા. ધર્મચંદજી! ઓલો વ્યવહાર, વ્યવહાર કરીને, ઓલું પરમાર્થ જે આખું તત્ત્વ હતું એ તો જાણે લોપ અને ગુમ થઈ ગયું, રહી ગયું. બહારમાં થોથા એકલી વાત. શુભભાવ ને આ ક્રિયા ને આ ક્રિયા. પણ વાસ્તવિક જે તત્ત્વ છે, એ તો ગયું પાતાળે. આ થઈ ગયું ઉપર ઉભરામાં. ફુવારા ફૂટે એમ આ બહારની ક્રિયા થઈ ગયા ઉભરા એના. ઉભરા સમજો છો? ઉફાન-ઉફાન-ઉફાન. બહારમાં ઉફાન આ થઈ ગયું એકલું. આખો ચૈતન્યપ્રભુ મોટો, જેના માહાત્મ્યની દૃષ્ટિ અને મહિમા હરખ અને આનંદથી જેનો વિશ્વાસ આવે એવા તત્ત્વ રહી ગયા દૃષ્ટિમાંથી અને બહારના ઉપરના માહાત્મ્યમાં બધું સમાઈ ગયું.

અહીં કહે છે કે હે નાથ! મારી અશક્તિ એમ વર્ણવતા આપની શક્તિની બેહદતા વર્ણનમાં આવી જાય છે. શું કહું? પ્રભુ! તારી પૂર્ણ કેવલપર્યાય અને પૂર્ણ આનંદ એના શું માહાત્મ્ય કરું? એ માહાત્મ્ય શું કરું? ન કરી શકું એમાં તારું માહાત્મ્ય આવી જાય છે. સમજાય છે કાંઈ? ચાર થઈ.

---

## કાવ્ય-૫

व्यापीडितं बालमिवात्मदोषै-
रुल्लाघतां लोकमवापिपस्त्वम्।
हिताहितान्वेषणमान्द्यभाजः,
सर्वस्यजन्तोरसि बालवैद्यः।।

**બાલક સમ અપને દોષોં સે, જો જન પીડિત રહતે હૈં,**
**ઉન સબકો હે નાથ! આપ, ભવતાપ રહિત નિત કરતે હૈં.**
**યોં અપને હિત ઔર અહિત કા, જો ન ધ્યાન ધરનેવાલે,**
**ઉન સબકો તુમ બાલવૈદ્ય હો, સ્વાસ્થ્ય દાન કરનેવાલે.**

**અન્વયાર્થ :—** (त्वम्) આપને (बालम् इव) બાલક કી તરહ (आत्मदोषैः) અપને દ્વારા કિયે ગયે અપરાધોં સે (व्यापीडितम्) અત્યંત પીડિત (लोकम्) સંસારી મનુષ્યોં કો (उल्लाघताम्) નિરોગતા (अवापिपः) પ્રાપ્ત કરાયી હૈ. નિશ્ચય સે આપ (हिताहितान्वेषणमान्द्यभाजः) ભલે-બૂરે કે વિચાર કરને મેં મૂર્ખતા (मन्दता) કો પ્રાપ્ત હુએ (सर्वस्व जन्तोः) સબ પ્રાણિયોં કે (बालवैद्यः) બાલવૈદ્ય હૈં.

**ભાવાર્થ :—** જિસ તરહ બાલકોં કી ચિકિત્સા કરનેવાલા વૈદ્ય અપની ભૂલ સે પૈદા કિયે હુએ વાત, પિત્ત, કફ આદિ દોષોં સે પીડિત બાલકોં કો અચ્છે-

બૂરે કા જ્ઞાન કરાકર, ઉન્હેં નિરોગ બના દેતા હૈ ઔર અપને 'બાલવૈદ્ય' નામ કો સાર્થક બના લેતા હૈ; ઉસી તરહ આપ ભી હિત ઔર અહિત કે નિર્ણય કરને મેં અસમર્થ બાલ અર્થાત્ અજ્ઞાની જીવોં કો હિત-અહિત કા બોધ કરાકર, સંસાર કે દુઃખોં સે છુડાકર સ્વસ્થ બના દેતે હૈં. ઈસ તરહ આપ કા ભી 'બાલવૈદ્ય' અર્થાત્ 'અજ્ઞાનિયોં કે વૈદ્ય' યહ નામ સાર્થક સિદ્ધ હોતા હૈ. ૫.

## કાવ્ય-૫ ઉપર પ્રવચન

પાંચમી.

व्यापीडितं बालमिवात्मदोषै-
रुल्लाघतां लोकमवापिपस्त्वम्।
हिताहितान्वेषणमान्द्यभाजः,
सर्वस्यजन्तोरसि बालवैद्यः।।

આહાહા..! હે નાથ! આપ બાળના વૈદ્ય છો.

બાલક સમ અપને દોષોં સે, જો જન પીડિત રહતે હૈં,
ઉન સબકો હે નાથ! આપ, ભવતાપ રહિત નિત કરતે હૈં.
યોં અપને હિત ઔર અહિત કા, જો ન ધ્યાન ધરનેવાલે,
ઉન સબકો તુમ બાલવૈદ્ય હો, સ્વાસ્થ્ય દાન કરનેવાલે.

જુઓ! આ સ્વાસ્થ્ય આવ્યું. જુઓ! ઓલા છોકરાને સ્વાસ્થ્ય થવાની તૈયારી છે. નિશ્ચય અને વ્યવહાર બેય આમ જામતા જાય છે. આમ સ્વાસ્થ્ય અંદરમાં વધતું જાય છે અને ઓલાને બહારમાં સ્વાસ્થ્ય વધતું જાય છે. કુદરતે. ઝેર ઉતરીને બેહોશ હતો તે ફડાક જાગૃત થઈ ગયો. એમ અનાદિનો મિથ્યાત્વરૂપી સર્પ કરડ્યો છે ને? ડંખ માર્યો છે મિથ્યાત્વના ઝેરે. એ બેહોશી ચૈતન્ય ભગવાનની સ્તુતિ કરતાં કરતાં બેહોશી ખલાસ થઈ જાય. જાગતી જ્યોત ચૈતન્ય છે આ. ઓહો..! એકલો જ્ઞાનનો પુંજ અને જ્ઞાનનો ગંજ છે. એમ બેહોશી અનાદિની (ચાલી આવી છે). એ ભગવાનની સ્તુતિથી જેમ બાળકની સ્તુતિ ગઈ. પ્રજા છેને એ? એમ આત્માની પ્રજા મિથ્યાત્વ. મિથ્યા.. પ્રજા હતી, સમ્યગ્દર્શનની પર્યાયનો એણે નાશ કર્યો હતો. સમજાય છે કાંઈ? પ્રવિણભાઈ!

ભગવાનની સ્તુતિથી બાળક. બાળક.. એમ આપ તો સર્વ અજ્ઞાનીના વૈદ્ય છો. બાળ અવ્રતપણે પણ એક બાળ કહેવાય છે, અજ્ઞાનપણે પણ બાળ કહેવાય છે, મિથ્યાદષ્ટિને પણ બાળ કહેવાય છે અને અવ્રતની અપેક્ષાએ અસ્થિરતાવાળાને, ચારિત્રની અપેક્ષાએ પણ બાળ

કહેવાય છે. બધાના આપ વૈદ્ય છો. સમજાય છે કાંઈ? એ મિથ્યાદષ્ટિના મિથ્યાત્વ ટાળનારા, આ અવ્રતીના અવ્રત ને અસ્થિરતાના (દોષ) ટાળનારા પ્રભુ આપ બાળવૈદ્ય છો. સમજાણું કાંઈ?

'**હે ભ્રમન...**' સંસ્કૃતમાં છેને શબ્દ? અંદરમાં પણ છે જુઓ! ... બાળની ચિકિત્સા કરનારા પ્રભુ આપ છો હોં! એ બાળ જીવોની ચિકિત્સા. એને શું છે? ક્યો દોષ છે? કેમ લાગ્યો અને કેટલા શું થયો? એની ચિકિત્સા કરનાર પ્રભુ આપ છો. એમ આત્માને કહે છે કે, હે આત્મા! આ રાગ અને દ્વેષાદિની ચિકિત્સા, એને જાણનારા પ્રભુ તમે છો. અને એની ચિકિત્સા કરીને એને ટાળનાર, એ પણ તમે છો. સમજાણું કાંઈ?

'**આપને બાલક કી તરહ...**' અન્વયાર્થ છે. '**અપને દ્વારા કિયે ગયે અપરાધોં સે અત્યંત પીડિત...**' જીવોં. અત્યંત પીડિત જીવોં. '**સંસારી મનુષ્યોં કો નિરોગતા...**' '**रुल्लाघतां**' એટલે નિરોગતા. '**પ્રાપ્ત કરાયી હૈ.**' પ્રભુ! આપે નિરોગતા પ્રાપ્ત કરાવી.

આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ સુજાણ,
ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન.

પ્રભુ એ, પ્રભુ એ બાળના વૈદ્ય છે. પ્રભુ! આપ અજ્ઞાનને નાશ કરનારા અને અસ્થિરતાના પણ પ્રભુ! એ આપ જ નાશ કરનારા છો. બીજો જગતમાં કોઈ નાશ કરવાની તાકાત ધરાવતો નથી. નિમિત્તથી ભગવાન છે અને શુદ્ધ ઉપાદાનથી આત્મા છે. અજ્ઞાનનો નાશ કરનાર પણ આત્મા અને અસ્થિરતા અને અવ્રતનો નાશ કરનાર પણ પ્રભુ તું આત્મા જ છો. એ અસ્થિરતા પણ મારું એટલું આળપણું નથી. છેને ઉદયભાવ? છેને એ ઉદયભાવ? એટલો અસિદ્ધભાવ એનો પણ નાશ કરનાર હે સિદ્ધ ભગવાન આત્મા! તું જ તેનો નાશ કરી શકે.

'**સંસારી મનુષ્યોંકો નિરોગતા પ્રાપ્ત કરાયી હૈ. નિશ્ચય સે આપ ભલે-બૂરે કે વિચાર કરને મેં મૂર્ખતા (મન્દતા) કો પ્રાપ્ત હુએ સબ પ્રાણિયોં કે બાલવૈદ્ય હૈ.**' શું કહ્યું? મોક્ષ અને મોક્ષનું કારણ. હિતમ્ શબ્દ પડ્યા છે ને ભાઈ અંદર? એ મોક્ષ હિત અને મોક્ષનું કારણ તે હિત છે. એના વિચાર એ '**ભલે-બૂરે કે વિચાર કરને મેં મૂર્ખતા કો પ્રાપ્ત હુએ...**' અજ્ઞાની એના જાણનાર પ્રભુ તમે અને એના ટાળનાર પણ તમે. છે ને? '**हिताहितान्वेषणमान्द्यभाजः,**' '**વિચાર કરને મેં મૂર્ખતા કો પ્રાપ્ત હુએ સબ પ્રાણિયોં કે બાલવૈદ્ય હૈં.**' મોક્ષ અને મોક્ષનું કારણ તે હિત. સંસાર અને સંસારનું કારણ તે અહિત. સમજાય છે? આ સ્વર્ગનું કારણ જે છે એ પણ અહિત.

મુમુક્ષુ :- કથંચિત્...

ઉત્તર :- કથંચિત્-ફથંચિત્ આમાં છે નહિ. જુઓ આમાં લખ્યું જુઓ. સંસ્કૃત ટીકામાં પડ્યું. છે? તેથી તો આ પુસ્તક લીધું જરી, ઓલી ટીકામાં કો'ક કો'ક શબ્દ લેવાય. ટીકા કોઈ ચંદ્રકીર્તિએ લખ્યું છે. છે ને એમાં? કોઈ ચંદ્રકીર્તિ છે કો'ક ટીકાકાર. ભટ્ટારક હો કે

કોઈપણ હોય. ચંદ્રકીર્તિ સંસ્કૃત ટીકાકાર.

હે ભગવંત! આપ મોક્ષ, જે પરમ હિત અને એનો માર્ગ પણ પરમહિત. એને નહિ પામેલા એવા મૂર્ખ અજ્ઞાની, એના જ્ઞાનને નહિ પામેલા અને સંસાર અહિત અને સંસારના કારણ મિથ્યાદર્શન, અજ્ઞાન, અહિત, એને નહિ જાણનારા એવા '**મૂર્ખતા કો પ્રાપ્ત હુએ સબ પ્રાણિયોં કે હે નાથ આપ બાલવૈદ્ય હૈં.**' કેટલાક નથી હોતા? બાળવૈદ્ય હોય છે અત્યારે. જોયા છે? નાના નાના છોકરાવનું વૈદું એ જ કરે, બીજું કોઈ કરી શકે નહિ. બાળવૈદ્ય.

મુમુક્ષુ :- મુંબઈમાં ખાસ ...

ઉત્તર :- હા, ખાસ એના ડોક્ટર હોય. આ થાય છે બાળમાં શું કહેવાય ઓલું? લકવા. બાળ લકવા થાય, આ થાય, એના જાણકાર એ બાળવૈદ્યના બરાબર એ જ હોય. એમ ભગવાન, આ બાળવૈદ્યના જાણકાર તમે છે હોં! બાળવૈદ્ય છો આપ. એ અજ્ઞાનીના વૈદ્ય આપ છો. અજ્ઞાનીના વૈદ્ય. આમ કાંડુ ઝાલીને એના કેટલા પલ્સ છે ને શું છે ને કેટલું છે આ બધું છે એના જાણનાર તમે છો. એમ સંસારનો અહિત પ્રકાર કેવો છે આની પાસે? એના જાણનાર તમે પ્રભુ! ટાળનાર પણ તમે. બીજા આ જગતમાં બાળવૈદ્ય આપ જેવા કોઈ દુનિયામાં છે નહિ. સમજાય છે કાંઈ?

'**જિસ તરહ બાલકોં કી ચિકિત્સા કરનેવાલા વૈદ્ય અપની ભૂલ સે પૈદા કિયે હુએ...**' ભૂલથી. એ તો વાત સમજાવે તો વ્યવહારથી સમજાવેને? '**વાત, પિત્ત, કફ આદિ દોષોં સે પીડિત...**' એ બાળકો પોતાના વાત, પિત્ત અને કફ એનાથી પીડિત '**બાલકોં કો અચ્છે-બુરે કા જ્ઞાન કરાકર,...**' એનું સાચું અને ખોટું. જો આ તેં ખાધું હતું, જો આ તું આમ હતું. તેં આ પીધું હતું. આ ખૂબ કેરી ખાધી એટલે આ વિસ્ફોટક થયું હતું. થાય છે ને? બહુ કેરી ખાય ને તો ચામડા ધોળા થઈ જાય. બહુ કેરી ખાય ને તો આ ચામડી ધોળી થઈ જાય ફાટીને. એને એ બતાવે કે આ છોકરાને બહુ કેરી ખવરાવી લાગે છે. ખાટી.

એવા '**પીડિત બાલકોં કો અચ્છે-બુરે કા જ્ઞાન કરાકર, ઉન્હેં નિરોગ બના દેતા હૈ ઔર અપને બાલવૈદ્ય નામ કો સાર્થક બના લેતા હૈ;...**' એ વૈદ્ય પણ બાળવૈદ્ય સાર્થક છે કે આ બાળવૈદ્ય છે. બરાબર છે. '**ઉસી તરહ આપ ભી હિત ઔર અહિત કે નિર્ણય કરને મેં અસમર્થ...**' અજ્ઞાનીને હિતનું જ્ઞાન નથી અને અહિતનું જ્ઞાન નથી. હે ભગવાન! હિત કોને કહેવું અને અહિત કોને કહેવું? એ પુણ્યને હિત માને અને સંવર-નિર્જરામાં દુઃખી થવું માને. અમે તો દુઃખી છીએ દુઃખી. હિતના કારણને અહિત માને અને અહિતના કારણને હિત માને.

'**અહિત કે નિર્ણય કરને મેં અસમર્થ બાલ અર્થાત્ અજ્ઞાની જીવોં કો હિત-અહિત કા બોધ કરાકર, સંસાર કે દુઃખોં સે છુડાકર સ્વસ્થ બના દેતે હૈં.**' સ્વસ્થ.

શરીરમાં નિરોગતા એવી આપની ભક્તિમાં પુણ્ય થઈને શરીરમાં નિરોગતા પણ થઈ જાય અને આમાં સ્વસ્થ. જે પુણ્ય અને પાપના વિકલ્પમાં અસ્વસ્થતા હતી, અસ્વસ્થ હતો, પુણ્ય-પાપમાં અટકવું, એ અસ્વસ્થ હતો. હે ભગવાન! એ આપના ધ્યાન અને જ્ઞાન દ્વારા આત્મા સ્વસ્થ, પોતાના સ્વરૂપમાં—સ્વમાં સ્થ થઈ શકે એવી તાકાત પ્રભુ આત્મા તમારામાં છે. ભગવાનમાં એવી તાકાત છે કે સ્વસ્થ કરાવી દે એવી તાકાત છે. લ્યો! નિમિત્તપણે એમ વ્યવહારથી કહે. પરમાર્થે ભગવાન આત્મા જ સ્વસ્થ થવાની તાકાત ધરાવે છે.

**'ઈસ તરહ આપ કા ભી બાલવૈદ્ય અર્થાત્ અજ્ઞાનિયોં કે વૈદ્ય યહ નામ સાર્થક સિદ્ધ હોતા હૈ.'** આપ પણ એક અજ્ઞાનીના વૈદ્ય છો. લોકો અજ્ઞાન, મૂર્ખતા અનાદિથી સેવી રહ્યા છે એ મૂરખના આપ વૈદ્ય છો. એ આપના ભાન દ્વારા મૂર્ખાઈ ટળે છે અને આપે કહ્યું એનાથી મૂર્ખાઈ કોને કહેવી. જુઓને! કેટલી મૂર્ખાઈ? પરદ્રવ્યમાં શું, પરદ્રવ્ય મને મદદ કરે, પરદ્રવ્ય મને નુકશાન કરે. મૂર્ખાઈના પાર છે? પોતે પોતાને નુકશાન કરે એને ઠેકાણે પરદ્રવ્ય મને નુકશાન કરે, હું પરને સહાય કરીને સુધારી દઉં. એવી જે મૂર્ખાઈ એવા બાળના આપ પ્રભુ વૈદ્ય છો હોં! એ આપ સમજાવો તો સમજે. નહિતર સમજે એવા નથી.

એમ અંતરના જ્ઞાનસ્વરૂપમાં પ્રભુ આપ આત્મા ચિદાનંદ સામાન્ય ચૈતન્યજ્યોત એ અજ્ઞાનના જાણનારો અને એના ઉપર જરી... આવે છે ને વિષ વૃક્ષનું? નિયમસારમાં નથી આવતું? પરમપારિણામિકને પણ કહે છે. વિષવૃક્ષના ઝાડને કુહાડા જેવો છે પારિણામિકભાવ. નિયમસારમાં આવે છે. આમાં પણ આવ્યું નહિ આપણે? વિષવૃક્ષ ન આવ્યું આ? ૧૪૮ પ્રકૃતિ વિષના ઝાડ. ૧૪૮ કર્મ પ્રકૃતિ વિષવૃક્ષ છે. ભગવાન અમૃતવૃક્ષ છે. પણ એ વિષવૃક્ષને નાશ કરવા હે ભગવાન આપ જ સમર્થ છો. એમ કરીને પોતાના આત્માના ગુણ અને ભક્તિ કરી છે, વિકલ્પથી ભગવાનની પણ ભક્તિ કરી છે. પાંચ થઈ ગાથા.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

